DIVYAYATAN
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY

DIVYAYATAN -
A JOURNAL OF LAKULISH YOGA UNIVERSITY
Peer Reviewed Journal
E-ISSN: 3048-4928

# રાગ દ્વારા રસની નિષ્પત્તિ

## અદિતી એસ. પટવર્ધન, ડો. પ્રભુતા એન. પટેલ

રિસર્ચ સ્કોલર
લકુલીશ યોગ વિશ્વવિધ્યાલય

રિસર્ચ ગાઇડ
લકુલીશ યોગ વિશ્વવિધ્યાલય

### *સારાંશ*

*લલિત કલાઓ સંગીત, નૃત્ય, ચિત્રકલા, નાટક, સાહિત્ય વગેરેનો મુખ્ય હેતુ મનનું રંજન કરવાનો છે. આ કળાઓની અભિવ્યક્તિ રસ જન્માવે છે. શ્રોતાજનો જ્યારે આવી કળાની કૃતિનો આસ્વાદ માણે છે ત્યારે તેના મનમાં ઉત્પન્ન થતા ભાવો એટલે રસ. સંગીત માં ગાયક કે વાદક દ્વારા જ્યારે રાગોના માધ્યમથી નાદનું સર્જન કરવામાં આવે છે ત્યારે પ્રત્યેક રાગ નવરસ પૈકી જુદા જુદા રસની નિષ્પતિ કરે છે. તદનુસાર શ્રોતાઓ શ્રૃંગાર, હાસ્ય, વીર, અદ્ભુત, બીભત્સ, ભયાનક, રૌદ્ર, કરુણ, શાંત રસની પ્રતીતિ કરે છે. રાગના માધ્યમ દ્વારા મનને આનંદમય અવસ્થા પ્રાપ્ત થાય છે અને આ અવસ્થા રસના માધ્યમથી થતી હોઇ તેને રસાવસ્થા કહેવાય છે. રાગમાંથી ભાવનું પ્રગટીકરણ થાય ત્યારે ભાવસૌંદર્ય અને સ્વર માધ્યમનું સૌંદર્ય આ બન્ને ના સમન્વયથી રસ નિષ્પત્તિ થઇ શકે છે. એ જ આનંદ ની અનુભુતિ હોય છે. આનંદ ની પ્રતીતિ થવી એ જ રસ નિર્મિતિ નો હેતુ છે. માધ્યમ દ્વારા અભિવ્યક્તિ ની કાર્યશીલતા એ માત્ર માધ્યમ નો પ્રવાસ ન હોઇ તેમાંના ભાવનો જ પ્રવાસ હોય છે. આ પ્રવાસ સૌંદર્ય પૂર્ણ રીતે વ્યક્ત થવો આવશ્યક છે, અને એ જ રસની પહેલી શરત છે. એટલે જ સંગીત નું માધ્યમ એ રસની નિષ્પતિ માટેનું ઉત્કૃષ્ટ માધ્યમ ગણાય છે. એ ખરું કે અભિનય કળામાં દ્રશ્ય શ્રાવ્યનો સુભગ સમનવ્ય હોવાથી શ્રોતાઓ રસની ગહન અનુભુતિ કરી શકે છે. પરંતુ શાસ્ત્રિય સંગીતના નાદ સાથેના અનુસંધાન ને લીધે શ્રોતાઓને અત્યંત સૂક્ષ્મ તલ પર ભાવની ગહન અનુભુતિ થાય છે. જે આત્માનંદ ની અત્યંત નિકટ છે. એ જ શાસ્ત્રિય સંગીતનું વૈશિષ્ટય છે , એ જ તેની મહત્તા છે.*

***મુખ્ય શબ્દો:*** *રસ, સંગીત, ભાવ, કલા, મન, રાગ, આનંદ, આત્માનંદ*

**હેતુ :** રાગ દ્વારા વિવિધ રસની નિષ્પત્તિ સમજવાનો પ્રયત્ન તથા રાગ ના માધ્યમ વડે શ્રોતાઓના ભાવ પ્રદેશ પર થતી અસરો વિશે અભ્યાસ

**શોધપ્રકાર :** વિવર્ણાત્મક

## વિષય પરિચય:

**રાગરસોત્પત્તિ**

પૂર્વજો દ્વારા ઉલ્લેખિત આઠ રસો એટલે કે રતિ, હાસ, ઉત્સાહ, વિસ્મય, જુગુપ્સા, ભય, ક્રોધ અને કરુણા અભિવ્યક્તિમાં કેવી રીતે વ્યક્ત થાય છે અને રસની ઓળખ કેવી રીતે થાય છે તે જોવું યોગ્ય રહેશે. સ્થાયીતા એ મૂળભૂત રીતે મનની સ્થિતિ છે. જ્યારે તે પ્રેરિત થાય છે, ત્યારે આ


© 2024 by Author

માનસિકતા જ અભિનય કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈપણ માધ્યમ દ્વારા, સ્વાર્થી વલણ અભિનય કરે છે અથવા આ વલણો પ્રગટ થાય છે. ભરત મુનિ દ્વારા ભારતીય નાટ્યશાસ્ત્રમાં જણાવ્યા મુજબ રસ એટલે "જ્યારે લલિતકળાઓ આપણી સામે રજૂ થાય છે, ત્યારે આપણું મન એક અવર્ણનીય આનંદનો અનુભવ કરે છે સામાન્ય રીતે તે રસ છે.

" 'आस्वाद्यते इति रसः'। "

રસ શબ્દ રસ ધાતુ પરથી બન્યો છે. લૌકિક રસ અનુભવવા માટે ઇંદ્રિયો મદદ કરે છે પરંતુ કલાજગતનો આ રસ ચિત્તથી, મનથી જ માણી શકાય છે.

વિભાવૈરનુભાવૈશ્ચ સાત્વિકૈર્યભિચારિભિ:।
આનીયમાન: સ્વાધ્યત્વં સ્થાયીભાવો રસ સ્મૃત: ॥

અર્થાત વિભાવ, અનુભાવ, સાત્વિકભાવ અને વ્યભિચારી ભાવોથી રતિ જેવા સ્થાયી ભાવ બને છે, એ આસ્વાદ કરાવવા સક્ષમ બને તેને રસ કહેવાય છે. આવા ભાવોથી જ રસ નિષ્પન્ન થાય છે. તેને આજનું મનોવિજ્ઞાન મન:સંવેગ કહે છે,

'રસ' શબ્દની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે, જેનો આસ્વાદ કરી શકાય તે 'રસ'. રસ શબ્દમાં મુખ્ય ત્રણ ભાવો નિહિત છે : રસ એ અનુભવનો વિષય છે, રસ એ અર્ક કે સત્વ છે, અને રસ અસ્થાઈ, ગતિશીલ છે. ભરતમુનિના પ્રબંધ-ગ્રંથ 'નાટ્યશાસ્ત્ર'માં રસનિષ્પત્તિ, 'વિભાવ'(ઉદ્દીપક પરિસ્થિતિ), 'અનુભાવ' (ભૌતિક પરિણામ કે અભિવ્યક્તિ - જેમ કે અભિનય)' અને 'વ્યભિચારી'(અશાશ્વત મનોભાવ) એ ત્રણ પરિબળોને આધારે હોવાનું જણાવાયું છે. આ ત્રણેનો સમન્વય થતાં જે અનુભૂતિ થાય છે તે 'આસ્વાદનીય' છે. ભરતમુનિના 'નાટ્યશાસ્ત્ર' વિષયક ભાષ્ય 'અભિનવભારતી'ના સર્જક, સંગીતશાસ્ત્રજ્ઞ અને સૌન્દર્યશાસ્ત્રજ્ઞ અભિનવગુપ્તના મતાનુસાર રસ, શ્રોતા કે રસિકના મનમાં સ્થિત હોય છે. કળાકાર દ્વારા રજૂ થતી કળા, એ રસને માટે ઉદ્દીપક બને છે. એટલેકે સંગીતમાંથી કે અન્ય કોઈ પણ કળામાંથી આનંદ મેળવવો એ સંસ્કારગત બાબત છે.

તૈતરીય ઉપનિષદકાર રસાનુબોધ કરાવતાં કહે છે :

રસો વૈ સઃ ,
બ્રહ્મ એ જ રસ છે.

रसं हि एव अयं लब्ध्वा आनंदी भवति.

જ્યારે માનવીને આનંદની પ્રાપ્તિ થાય ત્યારે જાણવું કે એને રસની પ્રાપ્તિ થઈ છે.

જેમ બ્રહ્મ એ જ રસ છે તેમ આનંદ એ જ બ્રહ્મ છે. બ્રહ્મ આનંદસ્વરૂપ છે, સત, ચિત અને આનંદ એ બ્રહ્મનાં લક્ષણો છે . આમ રસનો સંબંધ માત્ર કલાઓ કે સૌંદર્યશાસ્ત્ર પૂરતો સીમિત નથી, પણ આપણાં શાસ્ત્રોએ એને 'બ્રહ્મ'નું ઉચ્ચતમ સ્થાન આપ્યું છે.

રસ એ વ્યક્તિના અંતઃકરણની સમૃદ્ધિ છે. માનવીનું મન એના ઇન્દ્રિયબોધ અનુસાર સુખ-દુ:ખ અનુભવે છે. ઇન્દ્રિયોની સહાયથી મન નિરંતર આનંદની શોધ કરતું હોય છે. માનવીના અંતઃકરણની વિશિષ્ટ ભાવનાઓના ઉત્કર્ષને શાસ્ત્રોમાં 'રસ' કહેવાય છે. બીજી રીતે કહીએ તો કોઈક સાધારણ ઘટના,અનુભવ કે વસ્તુ, મનમાં અસાધારણ નવીનતા ઉત્પન્ન કરે ત્યારે એને 'રસ' કહે છે. મનુષ્ય-હૃદયમાં સ્થાયીભાવો સદા વિદ્યમાન છે. એ ભાવોના ઉદ્દીપનથી રસ ઉત્પન્ન થાય છે અને રસમાંથી કળાજન્ય સૌન્દર્યની ઉત્પત્તિ થાય છે. આને જ સૌન્દર્યશાસ્ત્ર કે એસ્થેટિક્સ કહે છે. જીવનને સ-રસ કે નિ-રસ બનાવવામાં ભાવકનું ભાવવિશ્વ અધિકાંશ ભાગ ભજવે છે.

સાહિત્યના સંદર્ભે રસ-શાસ્ત્રમાં નવ રસ ગણાવાયા છે. ભારતના નાટ્યશાસ્ત્રમાં આઠ રસોનો ઉલ્લેખ છે અને પછી અભિનવગુપ્તએ નવમા રસ તરીકે શાંત રસનો ઉમેરો કર્યો.

श्रुंगारहास्य करुणरौद्र वीर भयानका:Iबिभत्सोद्भुत इत्यष्टौ रस शांतस्तथा मत: II


© 2024 by Author

શ્રુંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્દભુત, અને શાંત આ નવ રસ ઉપરાંત મનુષ્ય ભાવજગતમાં તેત્રીસ 'વ્યભિચારી ભાવો' છે, જે મૂળ નવ રસમાંથી ઉદ્દભવે છે. જેમ એક રંગની અનેક આભાઓ અને છાયાઓ હોય તેમ એક જ રસમાં અનેક ભાવો સમાયેલા છે. ઉદાહરણાર્થે શૃંગાર રસ લઈએ તો એમાં હર્ષ, આનંદ, ઉન્માદ, વિસ્મય, મોહ, સ્વાર્પણ, આરાધના, વગેરે ભાવો નિહિત છે.

પરંતુ સંગીતમાં, શૃંગાર, હાસ્ય, કરુણ, અને શાંત - એ ચાર રસોમાં નવેનવ રસ હોવાનું મનાય છે. આપણું શાસ્ત્રીય સંગીત રસલક્ષી છે. મતંગની બૃહદ્દેશીમાં રાગ-વિમર્શ કરતાં રાગની વ્યાખ્યા આ પ્રમાણે અપાઈ છે:

'योयं ध्वनी विशेषस्तु स्वर-वर्ण विभूषितः,
रंजको जनचित्तानाम स रागः कथितो बुधैः'

અર્થ - સ્વરોનો એવો સૌંદર્યસભર સમૂહ જે રંજક હોય (અને અન્ય કેટલાક શાસ્ત્રીય નિયમોને અનુસરે) તેને રાગ કહે છે.

આપણી સંગીત પરંપરામાં રાગોની પ્રકૃતિ હોવાનું આપણે માનીએ છીએ. કેટલાક રાગો ચંચળ પ્રકૃતિના છે તો કેટલાક ગંભીર. રાગોની પ્રકૃતિના આ વિશાળ વર્ગીકરણને આગળ લઈ જતાં, રાગો જુદા જુદા રસ નિષ્પન્ન કરનાર તરીકે વર્ગીકૃત થાય છે. રાગોનું વર્ગીકરણ એના સ્વરોની સંખ્યા પ્રમાણે, એમાં આવતા સ્વરોના પ્રકાર (શુદ્ધ, કોમળ કે તીવ્ર)ના આધારે જુદી જુદી રીતે થાય છે. રાગોની પ્રકૃતિ પ્રમાણે એમના ગાયન કે વાદનનો સમય પણ શાસ્ત્રોમાં જણાવાયો છે.

રસ નિષ્પત્તિ સાથે સંકળાયેલું સંગીતનું એક મહત્ત્વનું અંગ તે રાગોનું સમયચક્ર. દિવસના અને રાત્રિના પ્રહારોમાં ગવાતા રાગોની વર્ગીકરણ પદ્ધતિ આપણી પરંપરામાં સ્વીકૃત છે. રાગોમાં પ્રયોજતા સ્વરોમાંથી ખડા થતા વાતાવરણને અને દિવસ-રાત્રિના સમયચક્રના કોઈક અકળ સંબંધ સાથે રસ-સિદ્ધાંતને સંબંધ છે. તે જ રીતે હિન્દુસ્તાની સંગીતમાં ઋતુઓના રાગો ગવાય છે. વસંત, બહાર, મલ્હાર જેવા રાગો વસંતઋતુ અને વર્ષાઋતુના રાગો છે. શાસ્ત્રીય સ્વરાયોજન અનુસાર કોઈ એક ઋતુના યોગ્ય વાતાવરણમાં, શ્રોતાઓની માનોભાવનાઓને સમજીને, કોઈ રાગ છેડવામાં આવે, તો રસની ઉત્પત્તિ જરૂર થાય છે. તાનસેન, બૈજુ બાવરા, અને તાનારીરીની રાગ દીપક અને મલ્હારવાળી કથા સર્વવિદિત છે. જ્યારે રાગો કોઈ વાદ્ય ઉપર વગાડવામાં આવે ત્યારે, એમાં શબ્દો ન પ્રયોજાતા હોવા છતાં, માત્ર સ્વરો પણ રસોત્પત્તિ કરવાની ક્ષમતા ધરાવે છે.

પંડિત ભાતખંડે લિખિત 'હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ'માં તેમણે રસ પ્રમાણે રાગોને ત્રણ વિભાગમાં વહેંચ્યા છે : જેમાં કોમળ 'ધ' (ધૈવત) આવે તેવા સંધિપ્રકાશના રાગો શાંત અને કરુણ રસ, જેમાં શુદ્ધ 'ધ' (ધૈવત) આવતો હોય તેવા રાગો શૃંગાર રસના, અને કોમળ 'ગ'(ગાંધાર) તથા કોમળ 'નિ' (નિષાદ) આવે તેવા રાગો વીર રસના સંવાહક છે એવું તેમણે દર્શાવ્યું છે.

જેમ રાગોને રસ સાથે જોડવામાં આવ્યા છે, તેમ આપણા પ્રાચીન ગ્રંથકારોએ સ્વરને પણ રસ સાથે જોડ્યા છે. ૧૩મી સદીના સંગીતશાસ્ત્રી શારંગદેવે સંગીતશાસ્ત્રની તેમની મહાન કૃતિ - 'મેગ્નમ ઓપાસ' - 'સંગીત રત્નાકર'માં જુદાજુદા સ્વરોને વિવિધ રસો સાથે પ્રથમ વાર સાંકળી લીધા.

- **સા અને રે, વીર, રૌદ્ર અને અદ્દભુત રસના,**
- **ધ બિભત્સ અને ભયાનક રસનો,**
- **ગ અને નિ કરુણ રસના,** અને
- **મ તથા પ હાસ્ય અને શૃંગાર રસના** પોષક છે.

રસનિષ્પત્તિ એ સ્વર-સમૂહો અને તેમાં સ્વરોનું પ્રયોજન, સ્વરોની ચાલ, અને સંગીતકારની પોતાની રસાનુભૂતિ અને સજ્જતા વગેરે અનેક પરિબળોનું સામુહિક પરિણામ જ હોઈ શકે.

મુખ્ય અંગ: રાગ અને નવરસ


© 2024 by Author

- શ્રૃંગાર

સંસ્કૃત શબ્દ શ્રૃંગારનો અર્થ થાય છે સર્જન. શ્રૃંગાર રસને રસરાજ કહેવાય છે. શ્રૃંગાર જ્યારે વ્યવહાર પ્રેરિત થાય છે, ત્યારે તેને 'રતિ' તરીકે ઓળખવામાં આવે છે. આ વલણ સામાન્ય રીતે સામાન્ય છે અને તેથી 'સંવિદ' માન્ય છે. વલણ અને વૃત્તિ બંને રુચિકર છે, તેને 'સંવિદ' કહેવાય છે. જ્યાં સુધી પરસ્પર સંબંધ ન હોય ત્યાં સુધી 'શ્રૃંગાર' ઉત્પન્ન થતો નથી. બે અસ્તિત્વની એક બનવાની ઈચ્છા પણ 'સવિદાય' છે. સ્વરમધ્યમમાં આ વૃત્તિ શારીરિક નથી પણ માનસિક છે. સ્ત્રી-પુરુષ મિલનની ઈચ્છા સાથે કરવામાં આવતી પ્રવૃત્તિઓને 'શ્રૃંગારા' કહે છે.

'રતિ' એ શ્રૃંગાર રસની વૃત્તિ છે, તેથી રતિનો સ્વાદ શ્રૃંગાર રસમાં ફેરવાય છે. ભરતમુનિ કહે છે કે બે ઇન્દ્રિયોનું મિલન એ શ્રેષ્ઠ આનંદનું નામ છે. આમાંથી એક પ્રાથમિક છે અને બીજી ગૌણ છે. અહીં બે અલગ-અલગ સંસ્થાઓને ધ્યાનમાં લેવાની જરૂર છે, જે કાર્ય કરવા ઈચ્છે છે (હેતુ) અને જે એકસાથે આ ઈચ્છા (કાર્ય)ને કાર્ય કરવામાં મદદ કરે છે. કાર્યમાં વધુ શક્તિની દ્રષ્ટિ યુવાનીના ખીલે તીવ્ર હોય છે.

સાચી યુવાની (શક્તિના શિખરની સ્પષ્ટ દ્રષ્ટિ) એક લાક્ષણિકતા છે. (ભરતનાટ્યશાસ્ત્ર). આ અવસ્થાને ધરાવતો 'શ્રૃંગાર' શ્રૃંગારરસ તેજસ્વી, મોહક, સુંદર, પ્રસન્ન, પ્રફુલ્લિત, પ્રફુલ્લિત અને શુભ ફળ આપનાર છે. 'રતિ' એ પરમ આનંદની અનુભૂતિ છે. સુખાત્મક લાગણીની આવી અભિવ્યક્તિ અને તેની પરિપૂર્ણતાની આનંદમય યાત્રાને 'રતિ' કહે છે.

(શ્રૃંગાર એટલે સર્જન) સ્વર માધ્યમમાં શ્રૃંગાર રસને વ્યક્ત કરતો સ્વર 'પંચમ' છે. 'પંચ' એટલે વિસ્તરણ અને 'મ' એટલે માપ, સાથે મળીને 'પંચમ' શબ્દ આપે છે જેનો અર્થ થાય છે 'જે માપે છે'. વિસ્તરણ કરવું એટલે ગુણાકાર કરવો, એટલે કે સર્જનાત્મક બનવું. અહીં ન તો શારીરિક શણગાર કે તેના વર્ણનનો હેતુ છે, પરંતુ શણગારના વલણની પ્રેરિત પ્રકૃતિ છે. સર્જનની વિસ્તૃત અભિવ્યક્તિ પાંચમા સ્વરની પ્રબળતા દ્વારા પુરાવા મળે છે. સર્જન કે એકતાની અપેક્ષાએ જે ક્રિયા થાય છે તે 'શોભન' છે.

- ઉદા. મલ્હાર
- ગીત – સાવન આયે યા ના આયે
- વાદી, અંશસ્વરા - પંચમ, ઋષભ સંવાદી, ગ્રહ.
- આ રાગમાંથી સાર્વત્રિક સૌંદર્યની અપેક્ષા રાખવામાં આવે છે.

આ 'મધ્યમ', જે પૃથ્વીની શોભાનું વિપુલતા દર્શાવે છે, તે બંને નિષાદના સંયોજન દ્વારા સર્જનની ક્ષણ પછી તેની તીવ્ર અને તીવ્ર વેદનાને સાબિત કરે છે. ભયંકર અને ભયાનક પરિસ્થિતિ માટે કોઈ અવકાશ ન હોવાથી, 'દૈવી'ને તેમાં કોઈ સ્થાન નથી. જ્યારે આ વાસ્તવિકતામાં પ્રગટ થાય છે, ત્યારે ઋષભ-પાંચમ, ષડજ-મધ્યમ અને બંને નિષાદનું સંયોજન મહત્વપૂર્ણ છે. આ રાગમાં ગાંધાર, ધૈવત, તીક્ષ્ણ મધ્ય, સર્જનાત્મકતા, પ્રફુલ્લતા, વિરશ્રી અને સહૃદયતાની વિશેષ હાજરી નથી અને તેનો સમાવેશ થાય છે. 'શ્રૃંગાર' રસ રાગમાં, મધ્યાલયથી દ્રિતાલયી સુધીની મુસાફરી સામાન્ય રીતે વધુ યોગ્ય છે. અહીં ખૂબ જ વિલંબ કર્યા વિના મધ્ય અને ઝડપી ભવમાં તમામ પ્રકારના શણગારાત્મક અલંકારો વ્યક્ત કરો. તે ઉપયોગી છે.

- શૃંગારના વિવિધ સ્વરૂપો જેમ કે નટ, બહાર, હિંડોલ વગેરે.
- કરુણ શૃંગાર - બાગેશ્રી, રાગેશ્રી, ભીમપલાસ વગેરે.
- હાસ્ય

હાસ્યનો વ્યાપક અર્થ 'આનંદ' છે. આ રસનો સ્થાયીભાવ હાસ, આમોદ મૂળ પ્રવૃત્તિ તથા મન:સંવેગ હાસ્ય છે. નાટ્યશાસ્ત્રમાં હાસ્યના વિવિધ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. સુખ એ બધા પ્રકારના હાસ્યનું મૂળ છે. જેમ ક્રોધમાં વિશાળતાની અપેક્ષા હોય છે તેમ સુખની અપેક્ષા હોય છે. હાસ્યના પ્રકારો હાસ, સ્મિતસ્ય, અતિહાસ્ય વગેરે છે.

મનની આ બધી સાંસારિક અવસ્થાઓની વ્યાપક દિવ્ય પ્રકૃતિ સુખ કે આનંદની અનુભૂતિ છે. સુખ કે ઉત્તેજના એ ખુશીના સ્વરૂપો છે. સમાનતા પણ એક છે.

તે પોતે જ સુખનું સ્વરૂપ છે. આનંદ એ અવિનાશી આત્માનો સ્વભાવ છે. સ્વરાધ્યમમાં 'હાસ્ય' એટલે કે 'આનંદ' વ્યક્ત કરતો સ્વર એ 'મધ્યમ' છે. મધ્યમ એ સપ્તક સ્વરોનો સમતોલ સાધવા વાળો, કારણ મધ્યમના અસ્તિત્વ વિના સપ્તકની સંકલ્પના પૂર્ણ થઇ શકતી નથી. પ્રાચીન


© 2024 by Author

લોકોએ તેને 'અવિનાશી' કહ્યો કારણ કે તે સપ્તકની ચેતનાનું મૂર્ત સ્વરૂપ છે. તેને સપ્તકનો આત્મા કહેવામાં આવે છે. રાગ એ રમૂજના ઉચ્ચતમ સ્વરૂપની અભિવ્યક્તિ છે.

દા.ત. કેદાર, બસંત. અડાના

ગીત – લપકઝપક તું આયે બદરવા

- **વીર , અદ્ભુત**

'વીર' રસનો સ્થાયી ભાવ ઉત્સાહ છે અને 'અદ્ભુત' રસનો સ્થાયી ભાવ એ વિસ્મય છે. વીર રસની મૂળ પ્રવૃત્તિ આત્માભિમાન અને મન:સંવેગ આત્મગૌરવ છે અને અદ્ભૂત રસનો સ્થાયી ભાવ એ વિસ્મય અને મૂળ પ્રવૃત્તિ કુતુહલ અને જીજ્ઞાસા છે. વીર રસ શક્તિશાળી, ઉત્સાહવર્ધક, નિશ્ચયાત્મક, અહંકાર રહિત છે. દરેક કાર્ય યોગ્ય રીતે અને સફળતાપૂર્વક થવું જોઈએ એવો નિશ્ચય કરે છે તે વીર. આવી અભિવ્યક્તિ દ્વારા કલાકાર તેમજ પ્રેક્ષકોની મન: સ્થિતિ શક્તિશાળી બને છે. આ અભિવ્યક્તિ શક્તિ દર્શાવે છે.

આશ્ચર્યની ભાવના ક્ષણમાં આવે છે. આ અનુભૂતિ એક ક્ષણ માટે બધું જ સ્તબ્ધ કરી નાખનારી, નિ: શબ્દ અવર્ણનીય, અગમ્ય, દિગ્મૂઢ કરનારી, આશ્ચર્યજનક છે. આ લાગણી વિસ્મયકારક છે. તે બૌદ્ધિક ચમત્કૃતિ નહીં પણ માનસિક ચમત્કૃતિ હોય છે. અદ્ભુતરસમાં આવતા તમામ સ્વરો દિપ્ત અને તેજપુંજ વાળા હોય છે. આ રાગોમાં બે સ્વરો વચ્ચે મીંડનું ખેંચાણ મજબૂત છે.

'ષડજ' પરાક્રમી અને અદ્ભુત કહેવાય છે. તે છ સ્વરોના જન્મદાતા અને તેઓને કાર્યરત કરનાર 'વીર' છે. તેમાં મનની વિશાળ પ્રકૃતિ દર્શાવવાની અને મનની વિવિધ અવસ્થાઓની વ્યાપકતા સિધ્ધ કરવાની તેની પ્રકૃતિ છે. ષડજ રે, ગ, મ, પ, ધ, ની ના માધ્યમ દ્વારા 'અદ્ભુતતા' દર્શાવે છે. જો 'ષડજ' ન હોય તો, રે, ગ, મ, પ, ધ, ની અસ્તિત્વમાં ન હોઈ શકે. 'ષડજ' એ ચૈતન્યસ્વરૂપ છે અને ચૈતન્યસ્વરૂપનું મૂળ વ્યાપક સ્વરૂપ 'અદ્ભુત' છે. તો ' ષડજ ' પરાક્રમી, અદ્ભુત છે.

- ઉદા. ભૂપાલી
- ગીત – ઓ પવન વેગ સે ઉડને વાલે ઘોડે
- વાદી,-- ષડજ ,
- આ રાગમાંથી વીર અને અદ્ભુત રસની અપેક્ષા રાખવામાં આવે છે.

- **બીભત્સ, ભયાનક**

'બીભત્સ રસનું સ્થિર સ્વરૂપ જુગુપ્સા છે અને 'ભયાનક' રસમાં સ્થિર સ્વરૂપ 'ભય' છે. બિભત્સ રસની મૂળપ્રવૃત્તિ વૈરાગ્ય છે. ભયાનક રસની મૂળપ્રવૃત્તિ પલાયન અને આત્મરક્ષા છે. આ બંને લાગણીઓ લાંબો સમય ટકી શકતી નથી, તે લાંબા સમય સુધી મનમાં રહી શકતી નથી. ભલે તે સ્વર દ્વારા કેટલી સુંદર રીતે વ્યક્ત કરવામાં આવી હોય; જો કે, તેની અભિવ્યક્તિ લાંબા સમય સુધી ટકી શકશે નહીં. તે સમયનું વિસ્તરણ નથી, પરંતુ અલ્પજીવી લાગણી છે. ગુસ્સાની અભિવ્યક્તિ વધુ તીવ્ર અને જુસ્સાદાર હોય છે. આવા રાગમાં ખડા સ્વરો હોય છે તેમાં મીંડ અલ્પ અથવા નહિવત અને સ્વરો મજબૂત હોય છે. સ્વરવિધાન થોડો તૂટક હોય છે. તેની લય સામાન્ય રીતે મધ્ય અથવા દ્રુત હોય છે. આ રાગને લાંબા સમય સુધી ગાવામાં આવે તો તેનો રસભંગ થઈ જાય છે.

ધૈવત આ ભયંકર, ભયાનક રસને પ્રગટ કરે છે. ભય તેનું કારણ છે, જ્યારે ભયાનક તેની અસર છે. તે ગંભીરતા તેમજ ભયના ભાવનું સૂચક છે. દા.ત. ગુણકાલી, ભૈરવ, મારવા વગેરે

- ઉદા. મારવા
- ગીત – કહીં દિપ જલે કહીં દિલ
- વાદી - ધૈવત
- આ રાગમાંથી સાર્વત્રિક ભય અથવા તો ગંભીરતા ની અપેક્ષા રાખવામાં આવે છે.
- રૌદ્ર


© 2024 by Author

'રૌદ્ર' રસનો સ્થાયીભાવ ક્રોધ છે. યુધ્ધેષણા એની મૂળ પ્રવૃત્તિ તથા ક્રોધ એનો મન:સંવેગ છે. સ્વર માધ્યમમાં સ્વરોની વિશિષ્ટ લાવણ્યને કારણે રૌદ્રરસનું સ્વરૂપ સૌમ્ય અને સુંદર બને છે. રુદ્રની કાર્ય શક્તિને દેવી સ્વરૂપ માનવામાં આવે છે. રીષભ એ રૌદ્રરસનો સ્વર હોવાનું કહેવાય છે. તે કામબીજસ્વરૂપ છે. આ શક્તિ સત્વ, રજ, તમ એ ત્રણેય ગુણોના પરમોત્કર્ષ સાધનારી છે. તે મુશ્કેલી દૂર કરનારી તરીકે તામસિકા છે, અનેકવિધ કાર્યો કરનારી રાજસિકા છે અને આ તમામ કાર્યોની સાત્વિકતાથી રક્ષણ કરનારી એટલે સાત્વિકા છે. રૌદ્રરસના રાગમાં સ્વર શક્તિશાળી અને બળવાન લાગે છે. તેઓ શક્તિશાળી છે. રૌદ્રમાં, સ્વર વાઇબ્રેટ થયા વિના સીધો અને નક્કર લાગે છે. આ પ્રકારની અભિવ્યક્તિ લાંબા સમય સુધી સહન કરી શકાતી નથી. તેથી આવા રાગોની અભિવ્યક્તિ અલ્પજીવી હોવી જોઈએ.

- ઉદા.- ખટ, દુર્ગા, નટ ના અમુક પ્રકાર, વગેરે.
- ગીત – જય દુર્ગે દુર્ગતિ પરિહારીની, માતા કાલિકા બંદિશ ( રાગ અડાણા)
- વાદી - ઋષભ
- આ રાગમાંથી ક્રોધ ની અપેક્ષા રાખવામાં આવે છે.

- **કરુણ**

'કરુણ' રસનું કાયમી સ્વરૂપ 'કરુણા' છે. તેની મૂળ પ્રવૃત્તિ શરણાગતિ અને મન: સંવેગ કરુણા અને દુ:ખ છે. જે ઈષ્ટ હોય તે ન મળવાથી કે કંઈ અનિષ્ટ થવાથી તે ઉત્પન્ન થાય છે. આવા બ્રહ્માંડમાં જ્યાં સુખ નથી, ત્યાં એવા દુ:ખનું વર્ચસ્વ છે જે સુખનો વિરોધ કરે છે. શાપ, વિપત્તિ, પતન, પ્રિયજનોનો વિચ્છેદ, ધનની ખોટ, મૃત્યુ, ધનનો વિનાશ વગેરે જેવા દુઃખદાયક અનુભવોને લીધે સંસારમાં સુખ પર દુ:ખનું આચ્છાદન થાય છે. ભલે આ લાગણી આંતરવ્યક્તિત્વની હોય કે નૈતિક, તે સહાનુભૂતિની હોય છે. તેને દયા કે કરુણા કહેવી યોગ્ય રહેશે. કરુણ રસનો સીધો પ્રભાવ હૃદય પર પડે છે. આ પ્રકારની કરુણા ખાસ કરીને સંતો માટે સાચી છે. સંત જ્ઞાનેશ્વરનું પસાયદાન આ જુસ્સાનું સર્વોચ્ચ, શ્રેષ્ઠ ઉદાહરણ છે. દુઃખદ ઘટનાને સુખી અને આનંદદાયક બનાવવી એ કલાનું કાર્ય છે.

સુખ કે દુ:ખના રૂપમાં તમામ સાંસારિક ઘટનાઓને જ્ઞાનના રૂપમાં રૂપાંતરિત કરવી એ કળાની વિશેષતા છે. દરેક વ્યક્તિનું જીવન સુખી ઘટનાઓ કરતાં દુઃખદ ઘટનાઓથી વધુ ઘેરાયેલું હોવાથી, દરેક વ્યક્તિ તેને નજીકથી અને વધુ પરિચિત અનુભવે છે. તેથી, દરેક કલામાં આની અભિવ્યક્તિ દરેકને વધુ પ્રિય છે. આદત વશ કરૂણ રસ ના રાગ એ જનમાનસ ને અધિક ગમે છે.

ગાંધાર અને નિષાદ કરુણરસના સૂચક છે. કોઈપણ કરુણારસ રાગનો ગાંધાર અથવા નિષદ એ જીવસ્વર છે. તે કરુણા ઘટના પર અન્ય સ્વરોની આધીનતા અથવા વર્ચસ્વ આધાર રાખે છે.

- ઉદા. બાગેશ્રી, વિવિધ ષડજ, ખંભાવટી, આશાવરી, તોડી વગેરે.
- ગીત – રૈના બિતી જાય, શ્યામ ન આયે
- વાદી - ગાંધાર અને નિષાદ
- આ રાગમાંથી સાર્વત્રિક કરુણતાની અપેક્ષા રાખવામાં આવે છે.

- શાંત : શાસ્ત્રીય રાગો તેના મૂળભુત સ્વરૂપ માં વિલમ્બિત લય સાથે રજુ કરવામાં આવે છે ત્યારે તે શ્રોતાઓમાં શાંત રસ જન્માવે છે. શ્રોતાઓ ધ્યાનમય અવસ્થામાં પહોંચી જાય છે. ત્યારે શાંત રસની ઉત્પત્તિ થાય છે. પ્રભુની ભક્તિના પદો, ભજન, કિર્તન વગેરેમાં શાસ્ત્રીય રાગો પ્રયોજાય છે, તે પણ શાંત રસનો જ એક પ્રકાર છે. શાંત રસમાં તત્વજ્ઞાનની પ્રાપ્તિ અથવા સંસારથી વૈરાગ્ય થવાથી પરમાત્મા ના વાસ્તવિક રુપનું જ્ઞાન થવાથી મનને જે શાંતિ મળે છે એ જ શાંત રસની ઉત્પત્તિ ગણાય. જ્યાં ન દુ:ખ હોય, ન દ્વેષ હોય, મન સંસારિક કાર્યોથી મુક્ત થઇ જાય છે અને મન વૈરાગ્ય તરફ વળે છે, ત્યારે જ શાંત રસની સાચી નિષ્પત્તિ થાય છે. " શાંતોऽપિ નવમો રસ:।"

ઉદા. ધ્રુપદ, વિલંબીત ખયાલ ગાયન, હવેલી સંગીત, ગુરબાનીના પદો

ગીત - મેરે તો ગિરધર ગોપાલ, પગ ઘૂંઘરુ બાંધ મીરા નાચી રે


© 2024 by Author

## સમાધાન

સંગીત એ રંગમંચની કળા છે. તેથી રસનિષ્પત્તિના શાસ્ત્રોક્ત વિમર્શ કરતાં વ્યવહારમાં સંગીતકાર રસનિષ્પત્તિનું પોતાનું ધ્યેય કઈ રીતે સિદ્ધ કરે છે એ મહત્ત્વનું છે. સંગીતકાર પોતે, જે તે રસને તીવ્રપણે અનુભવે, તો જ એના સ્વરો એ રસના વાહક બની એના ભાવકોને સ્પર્શશે. આપણા સંગીતનો વારસો સદીઓથી ગુરુ-શિષ્ય પરંપરાની તાલીમ દ્વારા જળવાયો છે. બધી જ શાસ્ત્રીય નિપુણતા પ્રાપ્ત કરીને સાધનારત શિષ્ય જ્યારે ગુરુના આશિષ મેળવે, ત્યારે સાચા અર્થમાં ગુરુનું જ્ઞાન સંપાદન કરવાનો એ અધિકારી બને છે અને ત્યારે એ સંગીતની દિવ્ય અનુભૂતિ કરી શકે છે. સંગીતકારને રસની આવી તીવ્ર અનુભૂતિ માટે ગુરુના આશીર્વાદ, કલાની સાધના, અને અખૂટ શ્રદ્ધા જરૂરી છે.

પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેએ પણ 'અભિનવ રાગમંજરી'માં રાગની વ્યાખ્યા કરતાં રંજકતાને રાગનો ગુણધર્મ ગણાવ્યો છે. રંજકતા એ મનનો વિષય છે, તેથી એ સામાન્યજનોના ઉપયોગનું સાધન છે. પરંતુ સ્થૂળ રંજકતાથી ઉપર ઊઠીને સૂક્ષ્મમાં પ્રવેશ કરતાં રસનો સંચાર થાય છે, મનને ચિત્તનું પદ પ્રાપ્ત થાય છે. ખરેખર તો આ યોગનો વિષય છે અને યોગીઓ આવી ચિરંતન સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ જનસામાન્ય માટે સંગીત અથવા અન્ય ઉત્તમ કલાઓ એને આવી ઊર્ધ્વ અનુભૂતિ કરાવી શકે. સ્થળ, કાળ, સંબંધ, સ્થિતિ બધું ભૂલીને વ્યક્તિ જ્યારે અનિર્વચનીયના પ્રદેશમાં પ્રવેશે ત્યારે એના હૃદયમાં જે આનંદનો અવિર્ભાવ થાય છે એને રસાનુભૂતિ કહે છે. સૌન્દર્યબોધ અથવા રસાનુભૂતિ માટે શ્રોતા કે ભાવક સંગીતના મર્મજ્ઞ હોવા જરૂરી નથી. માત્ર સહૃદય વ્યક્તિને જ આ અનુભવ થઈ શકે છે, કારણ કે સંગીત એ સમજવાનો નહીં પરંતુ અનુભવનો વિષય છે. શબ્દ સમજવાનો હોય છે, પણ સ્વર અનુભવવાનો હોય છે. અનિવાર્ય ગણાઈ હોય અને બુદ્ધિ કે સંગીતના જ્ઞાનને ભલે ગૌણ ગણાયું હોય, સંગીતની રજૂઆત કરનાર કલાકાર પોતાની તાલીમ અને શાસ્ત્રીય નિયમોને આધીન રહીને સંગીતની રજૂઆત કરતો હોય છે. એની રજૂઆતમાં ચમત્કારિતા માટે એ વૈચિત્રીકરણ, ગણિત વગેરે સાધનોનો વિચારપૂર્વક વિનિયોગ કરે છે. સૌન્દર્યની ચરમ સીમાના આકાશને આંબવા મથતા કલાકારે સતત શાસ્ત્રોક્ત નિયમ અને તાલીમની ધરતી ઉપર સ્થિર રહેવાનું છે.

## ઉપસંહાર

કલાકારનું લક્ષ્ય શ્રોતાના સ્થાયીભાવોને જગાડી એને રસમાં તન્મય કરવાનું હોય છે અને એ જ કલાકારની નિપુણતાનું દ્યોતક છે. સંગીતકાર એની સૌંદર્યસાધના, સ્વર, તાલ, લય અને કાકુભેદ દ્વારા કરવા પ્રયત્ન કરે છે. સ્વરોના વિશિષ્ટ લગાવને 'કાકુ' કહે છે, જેમાં સ્વરોની ગતિ એનું ઊંચા-નીચાપણું વગેરે કલાકૌશલનાં વિવિધ પાસાંઓનો સમાવેશ થાય છે. એટલે, એક ઉદાહરણરૂપે, પ્રાતઃકાલીન રાગ લલિતમાં ગવાતી બંદિશ 'રૈન કા સપના ..' એ શબ્દસમૂહને જુદાજુદા સ્વરો લઈને ગાવાથી ગાયક કલાકાર શ્રોતાના ચિત્તને રસાન્વિત કરવામાં સફળ થાય છે. સંગીતમાં થતી રસનિષ્પત્તિમાં ગાયન-વાદનની શૈલીઓ એટલે કે પરંપરાગત ઘરાનાઓ પણ કેટલેક અંશે ભાગ ભજવે છે. કેટલાક પ્રકારનું સંગીત સામાન્યજનને વધુ 'ભાવવાહી' લાગે છે. કેટલાક ગાયકો કે વાદકોની શૈલી વધુ ભાવવાહી હોવાનું સંગીત સમીક્ષકો માને છે. અથવા તો કોઈ જ બુદ્ધિગમ્ય કારણ વિના કોઈ સંગીત વધુ સ્પર્શી જાય એવું લાગતું હોય છે. કોઈક ગીત કે રાગ સાંભળીને કોઈ ભાવક પોતાના રૂવાં ખડાં થઈ ગયાંનું વર્ણન કરે તો કોઇ આશ્રુની ધારા વહેવાની વાત કરે. 'ભાવ'નો આ સ્પર્શ તે કદાચ 'રસ' નું પ્રાથમિક સ્વરૂપ.

ગાનસરસ્વતિ કિશોરીતાઈ આમોણકર કહે છે કે તેઓ જ્યારે કાર્યક્રમ આપવા કાર્યક્રમના સ્થળે જઈ રહ્યાં હોય છે ત્યારે અંદર એક વાતાવરણ હોય છે. અંતરતમની એ ખૂબ નાજુક સ્થિતિ છે, અંદરના એ વાતાવરણને તેઓ ખૂબ જતનથી સાચવીને રાખે છે. ઈશ્વર જાણે કે સ્વરોના સ્વરૂપે અવતરવા તૈયાર થઈ રહ્યા હોય એવી એ અનુભૂતિ હોય છે. જુદાજુદા સંગીતકારો આ અનુભૂતિને પોતપોતાની રીતે વર્ણવે છે. કેટલાક સંગીતકારો પોતાના કાર્યક્રમો પૂર્વે મૌન રાખે છે, એનો હેતુ પણ કદાચ અંતરમનમાં આકાર લઈ રહેલી રસોર્મિઓનું સંવનન કરાવાનો હશે.


© 2024 by Author

સંગીતનું રસ-સૌન્દર્ય બુદ્ધિથી પર છે. બધી કળાઓ પૈકી ફક્ત સંગીત એક એવી કળા છે જેનું સ્વરૂપ ચોક્કસ નાદબિંદુઓ (સ્વરો) ઉપર આધારિત છે. એટલે એ રીતે જોઈએ તો સંગીતનું સૌન્દર્ય સ્વયંસ્ફુરિત છે, કારણ કે જગત આખું નાદાધીન છે. રસનું ઉદ્દીપન કરનાર તત્ત્વ અશાશ્વત હોય પણ રસાનુભૂતિ જેને આનંદભાવ પણ કહેવામાં આવે છે તે ભાવકના ચિત્ત ઉપર ચિરંતનકાળ સુધી અંકિત થઈ એને પરમની પાસે લઈ જાય છે.

## સંદર્ભ

સ્વરાર્થમણિ - ગાનસરસ્વતિ કિશોરી આમોણકર

'અભિનવ રાગમંજરી - પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે

'હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ' - પંડિત ભાતખંડે

" સંગીત રત્નાકર"- શારંગદેવ

વેબસાઇટ

https://www.aksharnaad.com/2021/07/16/navras-archita-pandya/
https://opinionmagazine.co.uk/null-390/
https://mycoaching.in/shant-ras



© 2024 by Author